## Recruitment of Assistant Teacher for SUMAN School (PRO No.18, Dt.11/04/2023)

### પ્રોવિઝનલ મેરીટ લીસ્ટ–૨ (PML-2)

સુરત મહાનગરપાલિકા સંચાલિત સુમન શાળાઓ ખાતે માધ્યમિક વિભાગમાં શિક્ષણ સહાયક કેડરની અંગ્રેજી માધ્યમની ખાલી જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટે મંગાવવામાં આવેલ ઓનલાઈન અરજીઓ અન્વયે જે તે વિષય મુજબ માન્ય ગણવા જોગ ઉમેદવારોનું **પ્રોવિઝનલ મેરીટ લીસ્ટ–૧(PML-1)** **(Annexure-1)**, અમાન્ય ઠરેલ ઉમેદવારોની યાદી**(Annexure-2)**, ડોકયુમેન્ટ વેરીફીકેશનમાં ગેરહાજર રહેતા અમાન્ય ઠરેલ ઉમેદવારોની યાદી **(Annexure-3)** તા.૧૧/૦૮/૨૦૨૩ ના રોજ વેબસાઈટ પર પ્રસિધ્ધ કરી ઉમેદવારો પાસેથી તા.૨૩/૦૮/૨૦૨૩ સુધીમાં વાંધા મંગાવવામાં આવેલ હતા.

પ્રોવિઝનલ મેરીટ લીસ્ટ –૧ પ્રસિધ્ધ થયા બાદ ઉમેદવારો તરફથી વાંધા/સુચનો અત્રેના વિભાગને મળેલ છે. જે વાંધા અરજીની ખરાઈ કરતા કોઈ ફેરફાર જણાઈ આવેલ નથી. જેના અનુસંધાને માન્ય ગણવાજોગ ઉમેદવારોનું **પ્રોવિઝનલ મેરીટ લીસ્ટ–૨(PML-2)** **(Annexure-1)**, અમાન્ય ઠરેલ ઉમેદવારોની યાદી **(Annexure-2)** તરીકે આ સાથે પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

- જે ઉમેદવારોએ વાંધા અરજી રજૂ કરેલ છે, તેઓની વાંધા અરજી સાથે રજૂ કરેલ પુરાવાની ખરાઈ કરી તે અન્વયે તેઓની અરજીની વિગતની સામે જે તે રીમાર્કસની કોલમમાં નારંગી કલરમાં નોંધ કરવામાં આવેલ છે.
- PML-1 અન્વયે જે ઉમેદવારોએ વાંધા/સુચનો રજૂ થયેલ હોય, તેવા ઉમેદવારોએ PML-2 અન્વયે પોતાના મેરીટની ફેર–ચકાસણી કરવાની રહેશે અને તેમાં કોઈ ક્ષતિ જણાય તો ફેર વાંધા/સુચનો દિન–૦૭ માં મંગાવી તે વાંધા/સુચનોને ધ્યાને લઈ ઉમેદવારો તરફથી રજુ થયેલ પુરાવાની પુરતી ખરાઈ કરી મેરીટમાં સુધારો કરી,ત્યારબાદ મેરીટક્રમ મુજબ ફાઈનલ મેરીટ યાદી પ્રસિધ્ધ કરવામાં આવશે.

  (જે ઉમેદવારોએ PML-1 અન્વયે વાંધા રજૂ કરેલ નથી તેવા ઉમેદવારોના વાંધા PML-2 ના સ્ટેજે ધ્યાને લેવામાં આવશે નહી.)
- માન્ય ગણવા જોગ ઉમેદવારોનું પ્રોવિઝનલ મેરીટ લીસ્ટ–૨ **(PML-2)** **(Annexure-1)** તેમજ અમાન્ય ઠરેલ અરજીના ઉમેદવારોની યાદી **(Annexure-2)** તરીકે આ સાથે પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. જે યાદીમાંથી ઉમેદવારોએ વિગતોની ફેરચકાસણી કરી લેવાની રહેશે અને જો કોઈ વાંધા હોય તો તેઓ તેમની વાંધા અરજી આ સાથે સામેલ કરેલ નમુનામાં જરૂરી આધાર–પુરાવાઓની નકલ સહિત તા.૧૧/૦૯/૨૦૨૩ સુધીમાં કચેરીના કામકાજના દિવસો દરમ્યાન સવારે ૧૧.૦૦ કલાકથી સાંજે ૫.૦૦ કલાક સુધીમાં રીક્રુટમેન્ટ વિભાગ, પાંચમો માળ, નવી એનેક્ષી બિલ્ડીંગ, મહાનગરપાલિકા મુખ્ય કચેરી, મુગલીસરા, સુરત ખાતે **રૂબરૂ** રજૂ કરવાની રહેશે. વાંધા અરજીમાં ઉમેદવારે પોતાનું નામ, અરજી નંબર, વિષય તેમજ **PML-2 (Annexure-1)** અથવા **(Annexure-2)** માંનો તેમનો અનુક્રમ નંબર અચૂક દર્શાવવાનો રહેશે. મુદત બાદ તેમજ ઈ–મેઈલ કે ટપાલ મારફતે મોકલવામાં આવેલ વાંધાઓ ધ્યાને લેવામાં આવશે નહી.
- વાંધા અરજી રજૂ કરવાની મુદત બાદ આખરી મેરીટ લીસ્ટ તૈયાર કરી **PML-2 (Annexure-1)** માં સમાવિષ્ટ જે તે વિષય માટે જાહેરાત મુજબની કેટેગરીવાઈઝ ઉપલબ્ધ ઉમેદવારોમાંથી અગ્રતાક્રમે આવતા ત્રણ ગણા ઉમેદવારો અગર તો તે કરતા ઓછી સંખ્યાના કિસ્સામાં ઉપલબ્ધ ઉમેદવારોમાંથી આખરી પસંદગીયાદી/પ્રતિક્ષાયાદી તૈયાર કરવામાં આવશે.
- જે આખરી મેરીટયાદી તૈયાર થાય તે અન્વયે અંગ્રેજી માધ્યમના જે તે વિષયની યાદીના મેરીટક્રમ મુજબ અગ્રતાક્રમે આવતા ઉમેદવારોમાંથી જે તે વિષય માટેની શિક્ષણ સહાયકની રોસ્ટર મુજબની ખાલી જગ્યાને અનુરૂપ કેટેગરીવાઈઝ પસંદગી/પ્રતિક્ષાયાદી તૈયાર કરી પ્રસિધ્ધ કરવામાં આવશે.
- PML-1, PML-2 લીસ્ટમાં ઉમેદવારનું નામ સમાવિષ્ટ થયેલ હોવા માત્રથી ઉમેદવાર સદર જગ્યા માટે પાત્રતા ધરાવતા હોવાનો કે નિમણૂંક માટેનો હકક દાવો કરી શકશે નહી તેમજ PML-1 કે PML-2 ના તબકકે રજૂ કરવામાં આવેલ વાંધા/સુચનો સિવાય ઉમેદવારના કોઈપણ પ્રકારના વાંધા ગ્રાહય રાખવામાં આવશે નહી.
- સદરહુ શિક્ષણ સહાયક કેડરની ભરતી પ્રક્રિયામાં સંબંધિત જાહેરાતમાં દર્શાવ્યા મુજબના સરકારશ્રીના શિક્ષણ વિભાગ તેમજ સંબંધિત વિભાગોના વખતોવખતના ઠરાવો/જાહેરનામાની જોગવાઈ ધ્યાને લેવામાં આવશે.

* * * * * * * * * *

## Recruitment of Assistant Teacher for SUMAN School

PRO No.18, Dt.11/04/2023

## Query form

**PML-2_Sr.No. ________**

**Medium : ____________________** **Subject : ______________________________**

**Appli_Name : __________________________________________** **Appli_No.: 0018/110423/_____/_________.**

| /Sr. No. | Degree | University/Insti. State | Subject | Passing Month /Year | Marks Obtained / Total | % | Merit % |
|---|---|---|---|---|---|---|---|
| 1 | **Bachelor Degree** B.A. / B.sc. /Other- | | | ________ | ________ | | |
| 2 | **Bachelor of Education** | | | ________ | ________ | | |
| 3 | **Master Degree** M.A. /M.sc. /Other- | | | ________ | ________ | | |
| 4 | **Master of Education** | | | ________ | ________ | | |
| 5 | **TAT Seat No.** | | | ________ | ________ | | |
| | | | | | | **TOTAL MERIT >>** | |

**વાંધા ટૂંકમાં જણાવવા :–**

**બિડાણ :–**

**અરજદારની સહી**